# 73

**પાટણ અને કચ્છ જિલ્લામાં કૂપોષિત બાળકો**

***15/4/508 શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ**(પાટણ) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

| **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|
| **(૧)** તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ પાટણ અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | **(૧)** | **તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પાટણ અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.** |

| **જિલ્લો** | **બાળકોની સંખ્યા** |
|---|---|
| **પાટણ** | ૧૧૧૮૮ |
| **કચ્છ** | ૧૨૮૪૬ |

| | | |
|---|---|---|
| **(૨)** તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) | તે પૈકી જિલ્લાવાર ઓછા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| **જિલ્લો** | **ઓછાવજન વાળા બાળકોની સંખ્યા** | **અતિ ઓછા વજન વાળા બાળકો** | **કુલ** |
|---|---|---|---|
| **પાટણ** | ૯૧૩૧ | ૨૦૫૭ | ૧૧૧૮૮ |
| **કચ્છ** | ૯૬૯૮ | ૩૧૪૮ | ૧૨૮૪૬ |

| | | |
|---|---|---|
| **(૩)** ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને | (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે. |

| **જિલ્લો** | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| **પાટણ** | ------ | ૬૫૬૫ |
| **કચ્છ** | ------ | ૨૭૫૯ |

| | | |
|---|---|---|
| **(૪)** ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દુર | (૪) | ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| કરવા સરકારે શાં પગલાં લીધાં ? | • આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે<br>• સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.<br>• રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.<br>• દુધ સંજીવની યોજના અંતર્ગત પાટણ જિલ્લાના સમી, સાંતલપુર અને શંખેશ્વર તાલુકાઓમાં તેમજ કચ્છ જિલ્લાના રાપર અને લખપત તાલુકાઓના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઇઝડ ફલેવર્ડ ફોર્ટીફાઇટ દૂધ આપવામાં આવે છે. |